ગાંધીનગર ખાતે વિના હરાજીએ રાહતદરે માન. સંસદસભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓ તેમજ સરકારી કર્મચારી/અધિકારીઓને રહેણાંક માટે ફાળવેલ જમીન/પ્લોટની (બાંધકામ સહિત) વેચાણ/તબદીલી પ્રસંગે ભરવાની થતી પ્રિમીયમની રકમમાં રહેલ વિસંગતતા દૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજમન/૧૦૨૦૧૨/૨૧૬/(૮૧૨)/આર.૧
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૫/૦૫/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) માર્ગ અને મકાન વિભાગનો તા.૩૦/૦૬/૧૯૮૭ નો ઠરાવ ક્રમાંક:એલએનડી/૧૦૭૯/ ૫૬૬/ભાગ-૫/R (આર)

(૨) માર્ગ અને મકાન વિભાગનો તા.૨૯/૦૬/૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક:એલએનડી/૧૦૭૯/ ૫૯૦/III/ R (આર)

(૩) માર્ગ અને મકાન વિભાગનો તા.૨૯/૦૩/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૯૫/મં-૧૯૩/૧૯૨૩/આર-૧

(૪) ધી ગુજરાત સચિવાલય ફેડરેશન, ગાંધીનગરની તા.૨૬/૦૩/૨૦૧૩ની રજુઆત.

(૫) મહેસૂલ વિભાગનો તા.૦૩/૦૩/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: જમન/૩૯૦૧/UOR-૪/અ.

(૬) ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, ગાંધીનગરની તા.૧૩/૦૧/૨૦૧૬ની રજુઆત.

પ્રાસ્તાવિક-

માર્ગ અને મકાન વિભાગની વિના હરાજીએ રાહત દરે જમીન ફાળવવાની નીતિ અંતર્ગત જુદા જુદા ઠરાવોથી ગાંધીનગર ખાતે માન. સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ તેમજ સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓ ને રહેણાંક માટે જમીન/પ્લોટ ફાળવવામાં આવેલ છે. રહેણાંક માટે ફાળવેલ જમીન/પ્લોટ તેના બાંધકામ સહિત વેચાણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે લાભાર્થીઓ પાસેથી વસૂલ કરવાના થતાં પ્રિમીયમની રકમમાં અલગ અલગ જોગવાઇઓના કારણે વિસંગતતા ઊભી થતી હોવાનું ધ્યાન પર આવેલ. આ બાબતે ગુજરાત સચિવાલય ફેડરેશન અને ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે આ વિસંગતતા દૂર કરવા અને પ્રિમીયમની રકમ માં એકસૂત્રતા લાવવા માટે મા.મ.વિ..ના તા.૨૯/૦૩/૨૦૦૧ના ઠરાવની જોગવાઇઓ, વર્ષ ૨૦૦૧ની

નીતિ પહેલાંના લાભાર્થીઓને લાગુ પાડવાની રજૂઆત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણાં હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

કાળજીપૂર્વકની વિચારણાના અંતે વર્ષ ૨૦૦૧ પહેલાંની માર્ગ અને મકાન વિભાગની જુદી જુદી નીતિ અંતર્ગત ગાંધીનગર ખાતે વિના હરાજીએ રાહત દરે માન. સંસદસભ્યશ્રી/ ધારાસભ્યશ્રીઓ તેમજ સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓ વગેરેને રહેણાંક માટે ફાળવેલ જમીન/પ્લોટ તેના બાંધકામ સહિત વેચાણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૩/૨૦૦૧ના ઠરાવના ફકરા નં-૮ની શરત નં. (૬) લાગુ પાડીને તે મુજબનું પ્રીમીયમ વસૂલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ હકીકતે તા.૨૯/૦૩/૨૦૦૧ના ઠરાવના ફકરા નં-૮ની શરત નં.(૬) મુજબ લાભાર્થીએ જે તે સમયે જમીનની પ્રવર્તમાન બજાર કિંમત પ્રમાણે થતી પ્લોટની કિંમતની રકમમાંથી ભરેલી કબજા હક્કની મૂળ રકમ બાદ કરતાં રહેલ તફાવતની રકમ નીચે દર્શાવેલ પ્રમાણમાં પ્રિમીયમ તરીકે સરકારમાં જમા કરાવવાની રહેશે. આવું વેચાણ કરવાના ખાસ કારણો અંગે જરૂરી આધાર પુરાવા સાથેની સ્પષ્ટ વિગતો રજુ કરવાની રહેશે.

| ક્રમ | ભોગવટા પ્રમાણપત્રની તારીખથી સમયગાળો | ભરવાનું થતું પ્રિમીયમ- તફાવતની રકમના |
|---|---|---|
| ૧ | ૧૦ વર્ષ સુધીમાં | ૧૦૦% (*) |
| ૨ | ૧૦ વર્ષ પછી અને ૧૫ વર્ષ સુધીમાં | ૭૫% |
| ૩ | ૧૫ વર્ષ પછી અને ૨૦ વર્ષ સુધીમાં | ૫૦% |
| ૪ | ૨૦ વર્ષ પછી અને ૨૫ વર્ષ સુધીમાં | ૨૫% |
| ૫ | ૨૫ વર્ષ પછી | ૦% |

(*)ફાળવેલ પ્લોટ ઉપર બાંધેલ મકાન દસ વર્ષ સુધીમાં વેચવામાં આવે ત્યારે બજાર કિંમતમાંથી ભરેલી મુળ રકમ તથા ભરેલી મુળ રકમ ઉપર વાર્ષિક દસ ટકા સાદું વ્યાજ બાદ કરતા રહેતી તફાવતની રકમના ૧૦૦ ટકા પ્રિમિયમ ભરવાનું રહેશે.

અલબત્ત, જે કિસ્સાઓમાં પ્લોટ/જમીનની સનદની શરતોમાં ઉપર પ્રમાણેના પ્રિમીયમ કરતાં ઓછું પ્રિમીયમ વસૂલ લેવાનું ઠરાવેલ હોય તે કિસ્સાઓમાં સનદની શરતો મુજબનો પ્રિમીયમનો દર ધ્યાને લેવાનો રહેશે. અને તદનુસાર સનદની શરતો મુજબના દરો લાગુ પડશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૦/૦૫/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવેલ છે.

ઠરાવનો અમલ ઠરાવ રવાના થયા તારીખથી થશે. જે કિસ્સાઓમાં સક્ષમ કક્ષાએ નિર્ણય લેવાઇ ગયેલ હોય તેવા કિસ્સાઓમાં પુન:વિચારણા કરવાની રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી. પી. મહેતા)
સંયુક્ત સચિવ(વસવાટ અને મહેકમ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ.

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, સચિવાલય,ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી. સચિવાલય ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિધાનસભા સચિવાલય. ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રી/નાયબ મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રી. સચિવાલય. ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના નાયબસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- માહિતી કમિશ્નરશ્રી. ગાંધીનગર, ગુજરાત રાજ્ય.
- કલેક્ટરશ્રી, ગાંધીનગર જિલ્લો, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
- નાણાં શાખા, માર્ગ અને મકાન વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ. માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૧૬